‘આપ’ સરકારના જનતા દરબારમાં અફડાતફડી

લોકોમાં ભાગદોડ થવાની દહેશતથી કેજરીવાલ જતા રહ્યા : મુખ્યમંત્રી કેજરીવાલની સાથે સાથે અન્ય પ્રધાનો પણ લોકોની ભીડને જોઈને એક-એક કરી નીકળી ગયા : લોકોમાં ભારે નારાજગી : પોલીસ સામે પડકાર

નવી દિલ્હી,તા.૧૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે તેમની પોતાની જ પહેલના કારણે ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા અને ભારે ભીડને જોઈને પોતે પણ સાવધાનીપૂર્વક નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું છે. જનતા દરબારમાં અફડાતફડી મચી ગઈ હતી. સુરક્ષાજવાનોને પણ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સીધી રીતે લોકો સાથે મળીને તેમની સમસ્યા ઉકેલવા માટે આજે સવારે સરકારના જનતા દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ જનતા દરબાર પોતાના હિતોમાં ફ્લોપ રહેતા મુશ્કેલી સર્જાઈ હતી. જનતા દરબારમાં પહોંચેલા મુખ્યમંત્રી કેજરીવાલને ભાગદોડની દહેશતના કારણે દરબાર છોડીને જવાની ફરજ પડી હતી. એટલી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા કે લોકોએ મુખ્યમંત્રીને મળવા માટે બેરીકેડ તોડી દીધા હતા. દરબારમાં આવેલા અને નારાજ થયેલા કેટલાક લોકોએ મારામારી અને નારાબાજી પણ કરી હતી. કેટલાક લોકો ધરણા ઉપર પણ બેસી ગયા હતા. સોમવારથી જારી કરવામાં આવેલા જનતા દરબારના કાર્યક્રમને હવે બે-ત્રણ દિવસ માટે ટાળી દેવામાં આવ્યો છે. સરકારની મુખ્ય કચેરી દિલ્હી સચિવાલય નજીક આજે સવારે જનતા

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૪, રવિવાર; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અપૂરતું જ્ઞાન અને જો એમાં ઉતાવળ ભળે તો જિંદગીના હાથનો માર નક્કી પડ્યો જાણવો
- જૈન કથન

ઠંડા પવનોએ લોકોને થથરાવ્યા

ગાંધીનગર, તા. ૧૧

ઠંડીનું જોર છેલ્લા બે દિવસથી ખુબ વધી ગયું છે. લઘુત્તમ તાપમાનમા આજે બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. પરંતુ જોરદાર ઠંડા પવનોના કારણે ઠંડીનો અનુભવ વધુ થતો હતો. લોકોએ ઘરના બારીબારણા બંધ રાખી ઠંડી અને પવનથી રાહત મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

ઉત્તરાયણ પહેલા ઠંડીનુ જોર વધ્યુ છે. સાથે જ પવનની ગતિ વધતા વસાહતીઓ ઠંડીમાં થરથર ધ્રુજ રહ્યા છે. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૭.૫ ડિ.સે. નોંધાયું હતું. તે પછી આજે પારામાં બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. પરંતુ આજે પવનનું જોર વધુ રહેતા ઠંડીનો અનુભવ વધુ થતો હતો. પવનની ગતિ ખુબ વધારે રહેતા ઘરના બારી-બારણા પણ ખુલ્લા રાખી શકાતા ન હતા. દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે તેવી આકરી ઠંડી લાગતી હતી. આજે મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહેતા

● અનુસંધાન પાન-૭ પર

(તસ્વીર : દિપક જાની)

NEWS બિટ્સ

● રોબર્ટ વાઢેરાની સુરક્ષા વ્યવસ્થામાં ગાબડુ

કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની સુરક્ષા વ્યવસ્થામાં ગાબડુ પડ્યું હોવાના સમાચાર બહાર આવ્યા છે. એસપીજી સુરક્ષા વ્યવસ્થાને છેદીને એક અજાણ્યો કારચાલક તેમના કાફલામાં ઘુસી ગયો હતો. તેની પોલીસે અટકાયત કરી હતી. જો કે તેની પુછપરછમાં કંઈ વાંધાજનક ન જણાતા દંડ ફટકારી તેને જવા દેવાયો હતો.

ભાજપ નરેન્દ્ર મોદીની ઈમેજ આમ આદમી તરીકે ઉભી કરતો પ્રચાર કરશે

ગાંધીનગર, તા. ૧૧

આગામી લોકસભા ચૂંટણીમાં હવે ચૂંટણીપ્રચારમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઈમેજ એક આમ આદમી તરીકેની ઉભી કરવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે. અને આ માટે પ્રચાર પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ ભાજપને સત્તા પર આવતી અટકાવીને સત્તા મેળવ્યા બાદ સમગ્ર દેશમાં અને તેમાં પણ ખાસ કરીને મોટા શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીનું જોર વધવા લાગ્યું છે.

આમ આદમી પાર્ટીના કેજરીવાલને કારણે આપના પડકાર સામે ભાજપે હવે તેની ચૂંટણીપ્રચારની વ્યુહરચના બદલી નાંખી છે. કેજરીવાલ આપ આદમી હોવાની છબી ધરાવે છે તેની સામે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આમ

● અનુસંધાન પાન-૭પર

ગણિત-વિજ્ઞાનના ૧૯૪ વિદ્યાસહાયકોની ભરતી થશે

આચાર્યની નિમણુંકો બાદ વિદ્યાસહાયકોની ભરતી માટેનો તખ્તો પણ તૈયાર કરતું તંત્ર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓમાં ૧૯૪ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે. આ તમામ વિદ્યાસહાયકો ગણિત અને વિજ્ઞાન વિષયના હશે.

જિલ્લાની ૫૬૦થી વધુ પ્રા. શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ઘટ ૨૦૦ જેટલી છે. પરંતુ રાજ્ય સરકારે આ વર્ષે ૧૯૪ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરી તાજેતરમાં ફાળવણી કરવા અંગેનો નિર્ણય લીધો છે. મળતી વિગતો પ્રમાણે સરકારે ૧૯૪ જેટલા વિદ્યાસહાયકોની ભરતી થઈ આવેથી આ સહાયકોને તાલુકાઓ અને શાળાઓની ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જિલ્લાની પ્રા. શાળામાં ગણિત-વિજ્ઞાન ઉપરાંત ભાષાના શિક્ષકોની ઘટ મોટી હતી પરંતુ તાજેતરમાં આંતર જિલ્લા બદલીના કેસોથી ભાષાના શિક્ષકોની જગ્યા ભરવામાં આવી છે. બીજી તરફ હાલ રાજ્યકક્ષાએ વિદ્યાસહાયકોની ભરતી ચાલી રહી છે.

શૈક્ષણિક સત્ર સંપન્ન થવા આવ્યુ પણ ગણિત-વિજ્ઞાનના વિદ્યાસહાયકોની જગ્યાઓ ખાલી રહેતાં બાળકોના અભ્યાસ પર વિપરીત અસર પડી રહી છે. જો કે શિક્ષણ સમિતિના સૂત્રો જણાવે છે કે વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ છે અને બાળકોને જરૂરી શિક્ષણ આપવામાં આવી જ રહ્યું છે.

દરમ્યાન જિલ્લામાં ૯૮ જેટલા આચાર્યોની ભરતી માટેની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. જેમાં ૪૭ આચાર્યોની બઢતી આપવા અંગે ઝડપથી નિર્ણય લેવામાં આવશે જ્યારે ૫૧ શાળાઓમાં આચાર્યની નિમણુંક માટે સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આ અંગેની પ્રક્રિયા પણ ખાલી રહી છે. અને આ કામગીરી ઝડપથી પૂર્ણ થઈ જશે.

જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સતત વિવાદમાં રહી છે. ૨૦૦ જેટલા ગણિત-વિજ્ઞાનના વિદ્યાસહાયકોની જગ્યા ખાલી છે તે પણ એક ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. ગ્રામ્ય વલિસ્તારની શાળાઓને સરકાર અન્યાય કરી રહ્યાની લાગણી વાલીઓ ધરાવી રહ્યા છે.

બાળકોના તૈયાર કપડાં તથા જીયાણાંની વસ્તુઓનો અદ્યતન શો-રૂમ

KIDZ'style

હવેલી આર્કેડ, રાધે સ્વીટ્સની બાજુમાં, સે-૧૧, ગાંધીનગર. Ph. 079 - 232 43359

જાહેર આમંત્રણ

સ્વામી વિવેકાનંદ સાર્ધ શતી સમારોહ સમાપન નિમિત્તે

“નાટક - યુગ પુરુષ સ્વામી વિવેકાનંદ”

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતિ વર્ષ સમાપન નિમિત્તે તાજેતરમાં ગુજરાત સરકારનો એવોર્ડ પ્રાપ્ત કરેલ સુપ્રસિધ્ધ નાટક “યુગ પુરુષ સ્વામી વિવેકાનંદ” નિહાળવા સમગ્ર દેશપ્રેમી જનતાને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તારીખ : ૧૨-૧-૨૦૧૪, રવિવાર, સમય : રાત્રે ૮-૩૦ કલાકે

સ્થળ : સેક્ટર-૨૨, રંગમંચ, ગાંધીનગર.

નિમંત્રક : સ્વામી વિવેકાનંદ સાર્ધ શતી સમારોહ સમિતિ તથા સ્વામિ નિર્વિકલ્પાનંદ સેવા ટ્રસ્ટ

(નોંધ : તાપણાની વ્યવસ્થા કરેલ છે.)

સૌજન્ય :- ટ્રસ્ટી : વિપુલ ઠાકર, સ્વામી નિર્વિકલ્પાનંદ સેવા ટ્રસ્ટ

LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ કેબર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. : ૯૪૨૬૨ ૭૦૪૯૧